Filed On : 15/12/2020
Registered on : 15/12/2020
Decided on : 08/10/2021
Duration : Y- 00 M-09 D-24

IN THE COURT OF JUDICIAL MAGISTRATE FIRST CLASS, LATHI

**CRIMINAL CASE NO. 306 OF 2020**
EXH.-27
C.R.No. 22/2019 Damnagar P.St.

**Complainant:**

1. THE STATE OF GUJARAT

VERSUS

**Accused:**

1. Manojbhai Khimajibhai Parmar
   Res. Sitaram nagar,Damnagar, Ta.Lathi,Dist. Amreli.
2. Ravibhai Saradbhai Kukvava
   Res. Sitaram nagar,Damnagar, Ta.Lathi,Dist. Amreli.
3. Laljibhai Gokulbhai Adshra
   Res. Sitaram nagar,Damnagar, Ta.Lathi,Dist. Amreli.
4. Mansukh @ Madhubhai Labhubhai Kukvava
   Res. Sitaram nagar,Damnagar, Ta.Lathi,Dist. Amreli.

**Appearance :**
A.P.P. for complainant Ld. R.P.Rana
Advocate for Accused Ld. Mr. Y.C.Trivedi

**OFFENCE :: I.P. C. Sec. 325, 324,323, 504, 114 & G.P.A.Sec.135**

## JUDGMENT

૧. ફરિયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે,તા.૨૬/૦૮/૨૦૧૯ ના રોજ કલાક ૨૦–૦૦ થી ૨૧–૦૦ વાગ્યે ધ્રુફણીયા રોડ પર તમો તહો. ૪ નાઓને ત્રણેક મહિના પહેલા આ કામના ફરીયાદીએ હાથ ઉછીનાં રૂા.૫૦૦૦/– આપેલ હોય જેની ઉઘરાણી કરતા સારૂ નહી લાગતા આ કામના તહો. નં.૧ નાઓની મો.સા. ફરીયાદી તથા સાહેદ દામનગર

તરફ જતા હોય તે વખતે તહો. નં.૨,૩,૪ નાઓએ રસ્તામાં ફોરવ્હીલ ગાડી લઈ ઉભા રહી તહો. નં.૧ નાઓ પોતાના હવાલાવાળુ મો.સા. ઉભુ રાખતા તહો. નં.૧,૨,૩ નાઓએ લાકડીઓ વડે તથા તહો.નં.૪ એ ઢીકાપાટુનો મારમારી ફરીયાદીને હાથે પગે ફેકચર કરી તથા દાઢીના ભાગે ઈજા કરી ટાંકા આવેલ હોય તેમજ જેમ ફાવે તેમ ગાળો આપી સદરહું ગુન્હો કરવામાં મદદગારી કરી મે. અધિક જીલ્લા અમરેલીનાઓના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ. જે મતલબની ફરિયાદીએ ઉપરોકત હકિકતોને આધારે ફરિયાદ આપતા દામનગર પોલીસ સ્ટેશને ગુ.ર.નં. ૨૨/૨૦૧૯ થી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ –આઈ.પી.સી.કલમ–૩૨૫,૩૨૪,૩૨૩,૫૦૪,૧૧૪ તથા જી. પી.એકટ કલમ–૧૩૫ મુજબનો ગુન્હો નોંધાયેલ.

૨. ઉપરોકત ગુન્હો નોંધાતા આ કામની તપાસ, તપાસનીશ અધિકારીને સોંપાતા, તેઓએ આ ગુન્હાની તપાસના કામે જરૂરી પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા તેમજ આરોપીઓને અટક પણ કરેલ અને જરૂરી તપાસ કરી, તપાસના અંતે પુરતો પુરાવો જણાતાં, તેઓએ હાલના આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલું.

૩. ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ થતાં, આરોપીઓને સમન્સ કરવામાં આવેલ અને આરોપીઓ હાજર થતાં તેઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ('સંહિતા') ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ. આંક–૧૪ થી તહોમતનામુ ફરમાવેલ અને ત્યારબાદ આંક–૧૫ થી ૧૮ સુધી આરોપીઓની પ્લી નોંધતા, તેઓની સામેના ગુન્હાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

૪. ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો પુરવાર કરવા માટે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવો :–</u>

| અનુ.નં. | નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | દેવજીભાઈ ઝીણાભાઈ સોલંકી | ફરીયાદી | ૧૮ |

| | | | |
|---|---|---|---|
| ૨. | કમુબેન દેવજીભાઈ સોલંકી | સાહેદ | ૨૦ |

<u>દસ્તાવેજી પુરાવો :–</u>

| અનુ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૯ |
| ૨. | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | ૨૧ |
| ૩. | અટક પંચનામું | ૨૨ |
| ૪. | એમ.એલ.સી. સર્ટી | ૨૩ |
| ૫. | એમ.એલ.સી. સર્ટી | ૨૪ |
| ૬. | એમ.એલ.સી. સર્ટી | ૨૫ |

આ કામે ફરીયાદપક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી અને ફરિયાદપક્ષ તરફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય તે મતલબની આંક–૨૬ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે. આ કામે રેકર્ડ જોતા અગત્યના સાહેદ તપાસાય ગયેલ હોય, વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે અને પુરાવાની હકીકતો જોતા સંહિતાની કલમ ૩૧૩ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન નોંધવા લાયક પુરતો પુરાવો જણાતો ન હોય, આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૫. આ કામે ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી આર.પી. રાણા તથા આરોપીઓ તરફે વિ.વકીલશ્રી વાય.સી.ત્રિવેદીની દલીલો સાંભળવામાં આવેલ છે.

૬. ફરીયાદપક્ષના કેસની હકીકતો તેમજ પક્ષકારોની દલીલો ધ્યાને લેતા, આ કેસના નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**–:: મુ દ્દા ઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એ હકીકત પુરવાર કરે છે કે, તા.૨૬/૦૮/૨૦૧૯ ના રોજ કલાક ૨૦–૦૦ થી ૨૧–૦૦ વાગ્યે ધ્રુફણીયા રોડ પર તમો તહો. ૪ નાઓને ત્રણેક મહિના પહેલા આ કામના

ફરીયાદીએ હાથ ઉછીનાં રૂા.૫૦૦૦/– આપેલ હોય જેની ઉઘરાણી કરતા સારૂ નહી લાગતા આ કામના તહો. નં.૧ નાઓની મો.સા. ફરીયાદી તથા સાહેદ દામનગર તરફ જતા હોય તે વખતે તહો. નં.૨,૩,૪ નાઓએ રસ્તામાં ફોરવ્હીલ ગાડી લઈ ઉભા રહી તહો. નં.૧ નાઓ પોતાના હવાલાવાળુ મો.સા. ઉભુ રાખતા તહો. નં.૧ ,૨,૩ નાઓએ લાકડીઓ વડે તથા તહો.નં.૪ એ ઢીકાપાટુનો મારમારી ફરીયાદીને હાથે પગે ફેકચર કરી તથા દાઢીના ભાગે ઈજા કરી ટાંકા આવેલ હોય તેમજ જેમ ફાવે તેમ ગાળો આપી સદરહું ગુન્હો કરવામાં મદદગારી કરી મે. અધિક જીલ્લા અમરેલીનાઓના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫,૩૨૪,૩૨૩,૫૦૪,૧૧૪ તથા જી. પી.એકટ કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓ અંગેના આ અદાલતનાં નિર્ણયો નીચે મુજબના છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

–:: **કા ર ણો** ::–

**મુદ્દા નંબર : ૧.**

૮. ઉપરોકત મુદાના સંદર્ભમાં આ કામે ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો તથા રેકર્ડ ધ્યાને લેતા આ કામે ફરિયાદી દેવજીભાઈ ઝીણાભાઈ સોલંકીના આંક– ૧૮ ના સોગંદ ઉપરના પુરાવાનું મુલ્યાંકન કરતા, ફરીયાદી અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલાનું ફરીયાદી જણાવે છે અને માણસો ભેગા થયેલ હોય ફરીયાદીને ધકકો વાગી જતા પડી જતા ઈજા થયેલ. તેઓએ આંક–૧૯ વાળી ફરીયાદ આપેલી. સદર સાહેદે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે તેમને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી, તે સિવાય બીજુ કાંઈ બનેલ નહીં. એ વાતનો સ્વીકાર કરે છે કે, આરોપીઓએ લાકડી વડે માર મારેલ હોય અને આરોપીઓએ તેમને ઈજા કરેલ હોય તેવુ બનેલ નથી. તેમને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે અને પડી જતા ઈજા થયેલી.

૦૯. આ કામે ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો તથા રેકર્ડ ઘ્યાને લેતા આ કામે સાહેદ કમુબેન દેવજીભાઈ સોલંકીના આંક–૨૦ ના સોગંદ ઉપરના પુરાવાનું મુલ્યાંકન કરતા ફરીયાદી અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલાનું સાહેદ જણાવે છે અને માણસો ભેગા થયેલ હોય ફરીયાદીને ધકકો વાગી જતા પડી જતા ઈજા થયેલ. તેઓના પતિએ આંક–૧૯ વાળી ફરીયાદ આપેલી. સદર સાહેદે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે તેમને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી, તે સિવાય બીજુ કાંઈ બનેલ નહીં. એ વાતનો સ્વીકાર કરે છે કે, આરોપીઓએ લાકડી વડે માર મારેલ હોય અને આરોપીઓએ તેમના પતિને ઈજા કરેલ હોય તેવુ બનેલ નથી. તેમને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે અને તેમના પતિ પડી જતા ઈજા થયેલી.

૧૦. આમ, ઉપરોકત રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો તથા હકીકતો તથા સંજોગોને લક્ષમાં લેતા, આ કામે ફરિયાદીની જુબાની જોઈએ તો બનાવ સમયે અને સ્થળે આરોપીઓ અને ફરિયાદી વચ્ચે માત્ર બોલાચાલીનો બનાવ બનેલ હશે તેમ માની શકાય તેમ છે પરંતુ આરોપીઓએ ફરીયાદીને ગાળો આપેલ હોય કે કોઈ હથીયાર ધારણ કરી ઈજા કરેલ હોય અને આવુ ગુનાહીત કૃત્ય કરેલ હોય તેવી લેશમાત્ર હકીકત જણાવેલ નથી અને આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલાની હકીકત સ્વીકારેલ છે. તેમજ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલા સાહેદ પણ તેમના પુરાવામાં આરોપીઓએ તેમને કોઈ હથીયારથી ઈજા કરેલ હોય તેવો પુરાવો રજુ કરતા નથી અને આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલાની હકીકત જણાવે છે. ફરીયાદીના પુરાવાથી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ ન હોય. આવા સંજોગોમાં બી.પી.એકટની કલમ–૧૩૫ ના આવશ્યક તત્વો સંતોષાતા ન હોય, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂઘ્ધનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

<u>મુદાનં. ૨</u>

૧૧. ઉપરોકત ચર્ચાના આધારે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

(૧) આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫,૩૨૪,૩૨૩,૫૦૪,૧૧૪ તથા જી. પી.એકટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ પીરીયડ સુધીના રૂ.૫,૦૦૦/–ના જામીનખત અને તેટલી જ રકમના જાત મુચરકા આપવા હુકમ કરવામાં આવે છે.

(૪) મુદ્દામાલ વાહન નં. જીજે–૦૭–સીઈ–૧૭૦૩નો વચગાળાનો હુકમ કાયમ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આરોપીઓએ અગાઉ આપેલ જામીનખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે.

(૪) નાશપાત્ર મુદામાલનો અપીલ સમય પુરો થયા બાદ નાશ કરવો.

આ ઠરાવ આજરોજ તારીખ : ૦૮ માહે : ઓકટોબર સને : ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Date : 08/10/2021
Place : Lathi

(Bakulkumar Natvarlal Dave)
Judicial Magistrate First Class
Lathi
Code No. GJ-01272